પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૬૮ | ૨૯ ઓગસ્ટ, ૨૦૧૯, ગુરૂવાર; શ્રાવણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ૩૭૦ કલમ મુદ્દે સુપ્રિમની કેન્દ્રને નોટિસ

**કલમ ૩૭૦ને નાબૂદ કરવા મુદ્દો પાંચ જજની બંધારણીય બેંચ સુનાવણી કરશે : કાશ્મીરને ખાસ રાજ્યનો દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબૂદ કરાયા બાદ સુપ્રીમમાં શ્રેણીબદ્ધ અરજીઓ દાખલ : ઓક્ટોબરમાં વધુ સુનાવણી : સુપ્રિમે ૭ દિવસમાં કેન્દ્ર સરકાર પાસેથી માંગ્યો જવાબ, ચીફ જસ્ટિસે કહ્યું કે નાગરિકને કોઇપણ ક્ષેત્રમાં જતા રોકી શકાય નહીં : દિલ્હીના જામિયાના વિદ્યાર્થી અને સીપીઆઈ નેતા સિતારામ યેચુરીને જમ્મુ-કાશ્મીરની મુલાકાત લેવા કોર્ટે મંજૂરી આપી**

નવીદિલ્હી, તા. ૨૮

સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૦ને નાબૂદ કરીને જમ્મુ કાશ્મીરમાં આપવામાં આવેલો ખાસ દરજ્જો પરત લઈ લેવામાં આવ્યા બાદ આને લઈને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. સુપ્રીમ કોર્ટ હવે કલમ ૩૭૦ની નાબૂદીને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજીઓને પાંચ જજની બંધારણીય બેંચને સોંપી દીધી છે. પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા આ મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે કાયદેસર નિર્ણયને પડકાર ફેંકતી અરજીઓ બંધારણીય બેંચને સોંપી દીધા બાદ આ સંદર્ભમાં કેન્દ્ર સરકાર અને જમ્મુ કાશ્મીર વહીવટીતંત્રને સુપ્રીમ કોર્ટે નોટિસ આપી છે. રાષ્ટ્રપતિના આદેશને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અનેક અરજીઓના આધાર પર કેન્દ્ર સરકાર અને જમ્મુ કાશ્મીર વહીવટીતંત્રને નોટિસ ફટકારાયા બાદ આ મામલામાં સુનાવણી હાથ ધરાશે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં બેંચ કેન્દ્રના એવા મત સાથે સહમત નથી કે, આ મામલામાં નોટિસ જારી કરવાની કોઈ જરૂર નથી. સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકાર તરફથી જોરદાર રજૂઆતો કરવામાં આવી હતી. સોલીસીટર જનરલ તુષાર મહેતા અને એટર્ની જનરલ કેકે વેણુગોપાલ દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. જસ્ટિસ એસએ બોબડે અને એસએ નજીરની બનેલી બેંચે કહ્યું હતું કે, અમે આ મામલાને પાંચ જજની બંધારણીય બેંચને સોંપી રહ્યા છીએ. એવી દલીલો અમે સ્વીકારી રહ્યા નથી કે, નોટિસ જારી કરવાની બાબત ક્રોસબોર્ડર રજૂઆતનું પ્રતિનિધિત્વ કરે છે. એટર્ની જનરલે કહ્યું હતું કે, કોર્ટ દ્વારા જે કંઈપણ વાત કરવામાં આવી છે તે સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ મોકલવામાં આવી ચુકી છે. બંને પક્ષો તરફથી ઉપસ્થિત થયેલા વકીલોએ જોરદાર દલીલો અને વળતી દલીલો કરી હતી. બેંચે કહ્યું હતું કે, અમે જાણીએ છીએ કે અમને શું કરવું જોઈએ. અમે એક આદેશ આપી રહ્યા છીએ. કોઈ ફેરફાર કરવા જઈ રહ્યા નથી. તેમણે કહ્યું હતું કે, તમામ મામલા પર ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. કલમ ૩૭૦ને નાબૂદ કરવા સાથે સંબંધિત રાષ્ટ્રપતિના આદેશને પડકારતી પ્રથમ અરજી વકીલ એમએન શર્મા દ્વારા દાખલ

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીર મુદ્દે રાહુલ ગાંધીએ સુર બદલ્યા

**રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને પાકિસ્તાનની ટિકા કરી : જમ્મુ કાશ્મીર ભારતનો આંતરિક મામલો છે : પાકિસ્તાન દ્વારા જ જમ્મુ કાશ્મીરમાં હિંસા ફેલાવવામાં આવી રહી હોવાની પ્રતિક્રિયા : રાહુલના નરમીવાળા નિવેદનથી રાજકીય પક્ષોમાં જોરદાર ચર્ચાઓ**



નવી દિલ્હી,તા, ૨૮

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ નરેન્દ્ર મોદી સરકારનો સતત વિરોધ કરી રહેલી કોંગ્રેસ પાર્ટીએ હવે યુ ટર્ન લઈને ડેમેજ કન્ટ્રોલ કવાયત હાથ ધરી છે. કાશ્મીર પર સરકારના નિર્ણયનો વિરોધ કરી રહેલી કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ હવે સુર બદલ્યા છે. રાહુલે આજે સરકાર વિરોધી વલણમાં નરમી લાવતા કહ્યુ હતુ કે કાશ્મીર ભારતના અખંડ ભાગ તરીકે છે. આમાં પાકિસ્તાન અથવા તો દુનિયાના અન્ય કોઈ દેશ દ્વારા દરમિયાનગીરી કરવામાં આવે તેના માટે કોઈ જગ્યા નથી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે કાશ્મીરમાં હિંસા સરકાર પ્રાયોજિત છે. કાશ્મીર પર ચારેબાજુથી ફસાયેલી કોંગ્રેસ પાર્ટીના વલણમાં આ પ્રકારના બદલાવ માટે કેટલીક બાબતોને જવાબદાર ગણવામાં આવે છે. કોંગ્રેસ પાર્ટીએ કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ આનો વિરોધ કર્યો હતો. રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યુ છે કે તેઓ કેટલાક મુદ્દા પર સરકાર સાથે સહમત નથી પરંતુ તેઓ એક બાબત સ્પષ્ટ કરી દેવા ઈચ્છે છે કે કાશ્મીર ભારતના આંતરિક હિસ્સા તરીકે છે. જેથી પાકિસ્તાન અથવા તો દુનિયાના કોઈ દેશ આમાં દરમિયાનગીરી કરી શકે તેમ નથી. રાહુલે ટ્વીટ કરીને કહ્યુ છે કે જમ્મુ કાશ્મીરમાં હિંસા પણ પાકિસ્તાની પ્રાયોજિત તરીકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સુપ્રીમથી મંજુરી બાદ આજે સીતારામ યેચુરી કાશ્મીરમાં



**પોતાના સાથી મોહમ્મદ યુસુફને મળવા મંજુરી : યાત્રાનો ઉપયોગ રાજકીય હેતુ માટે નહીં કરવાનો આદેશ**

નવી દિલ્હી,તા, ૨૮

સુપ્રીમ કોર્ટની મંજુરી મળી ગયા બાદ સીપીઆઈના મહાસચિવ સીતારામ યેચુરી પોતાની પાર્ટીના સાથી અને પૂર્વ ધારાસભ્ય મોહમ્મદ યુસુફ તારિગામીને મળવા માટે ગુરુવારના દિવસે જમ્મુ કાશ્મીર જશે. સુપ્રીમ કોર્ટે યેચુરીને તેમની પાર્ટીના સાથીને મળવા માટે જમ્મુ કાશ્મીર જવાની મંજુરી આપી દીધી છે. જમ્મુ કાશ્મીરને ખાસ રાજ્યનો દરજ્જો આપનાર કલમ ૩૭૦ની જોગવાઈને દૂર કરવામાં આવ્યા બાદ અધિકારીઓએ તારિગામીને કસ્ટડીમાં લઈ લીધા હતા. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની બેંચે યેચુરીને નિર્દેશ આપ્યો હતો કે, જમ્મુ કાશ્મીર પહોંચી ગયા બાદ તેઓ માત્ર તારિગામીને મળશે. સીજેઆઈએ સ્પષ્ટ નિર્દેશ કર્યો છે કે, યેચુરી પોતાની યાત્રાનો ઉપયોગ કોઈપણ રીતે રાજકીય ઉદ્દેશ્ય માટે કરશે નહીં. પીઠે એમ પણ કહ્યું હતું કે, જો યેચુરી કોઈપણ પ્રકારની રાજકીય ગતિવિધિમાં સામેલ થશે તો અધિકારી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**પાક. મિસાઈલ પરીક્ષણ કરશે**

કાશ્મીર મુદ્દે ચોતરફ હતાશ થયેલુ પાકિસ્તાન હવે મિસાઈલ પરીક્ષણની તૈયારીમાં લાગી ગયુ છે. પાકિસ્તાને કરાચી પાસેના પરીક્ષણ રેન્જમાંથી મિસાઈલ પરીક્ષણ મામલે નોટીસ જારી કરી છે. પાકિસ્તાનના નેતાઓએ ભારત-પાકિસ્તાન યુદ્ધની ધમકીઓ પણ આપી છે.

**બસપા અધ્યક્ષપદે પુનઃ માયાવતી**

બહુજન સમાજ પાર્ટીની કાર્યકારીણી સમિતિ અને ઓલ ઈન્ડિયા સ્ટેટ પાર્ટી યુનિટના વરિષ્ઠ પદાધિકારીઓએ માયાવતીને સર્વ સંમતિથી પુનઃ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષપદે ચૂંટી કાઢ્યા છે.

**૫૦ હજાર કાશ્મીરી યુવાનોને રોજગાર**

જમ્મુ-કાશ્મીરના ગવર્નર સત્યપાલ મલિકે કહ્યુ છે કે ટૂંક સમયમાં જમ્મુ-કાશ્મીર અને લદાખમાં તમામ સેવાઓ પૂર્વવત કરી દેવાશે. આગામી બે થી ત્રણ માસમાં ૫૦ હજારથી વધુ યુવાનોને નોકરી અપાશે.

# ચિદમ્બરમને પુનઃ આંશિક રાહત

**આજે સુનાવણી : પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમ હાલમાં સીબીઆઈની કસ્ટડીમાં છે : ગયા સપ્તાહમાં સીબીઆઈ દ્વારા ધરપકડ કરાયેલા પી. ચિદમ્બરમની મુશ્કેલી હાલ ઓછી થાય તેવી સંભાવના નથી : આજે પણ તર્કદાર દલીલ જારી રહેશે**



નવી દિલ્હી,તા, ૨૮

આઈએનએક્સ મિડિયા કેસમાં સુપ્રીમ કોર્ટે આજે બુધવારના દિવસે સુનાવણી બાદ પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમને ઈડીની ધરપકડથી ગુરુવાર સુધી વચગાળાની રાહત આપી હતી. ગુરુવારના દિવસે આ મામલામાં ફરી એકવાર સુનાવણી કરવામાં આવશે. આઈએનએક્સ કેસ મામલામાં ચિદમ્બરમ કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ)ની કસ્ટડીમાં છે. સીબીઆઈએ ગયા સપ્તાહમાં ચિદમ્બરમની ધરપકડ કરી હતી. આઈએનએક્સ મિડિયા કેસમાં ઈડી દ્વારા તપાસ કરવામાં આવી રહેલા મામલામાં સુપ્રીમ કોર્ટે ચિદમ્બરમને ધરપકડથી વચગાળાની રાહત જારી રાખીને ગુરુવાર સુધી વધુ રાહત આપી હતી. હવે આવતીકાલે ગુરુવારના દિવસે પણ સુપ્રીમ કોર્ટમાં ચિદમ્બરમની અરજી ઉપર સુનાવણી હાથ ધરવામાં આવશે. પૂર્વ કેન્દ્રીયમંત્રી ઈડી દ્વારા તપાસ કરવામાં આવી રહેલા મામલામાં દિલ્હી હાઈકોર્ટ દ્વારા પોતાની આગોતરા જામીન અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ આ ચુકાદાની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. પૂર્વ કેન્દ્રીય મંત્રીની મુશ્કેલીઓ દિનપ્રતિદિન

● અનુસંધાન પાન-૭ પર

# એટીએમથી હવે ૧૦ હજાર ઉપાડવા ઉપર ઓટીપી રહેશે

**એટીએમ ફ્રોડને રોકવા માટે વિવિધ પગલા લેવાયા : એટીએમ પિન નંબરની સાથે સાથે ઓટીપી નંબર ભરવા પડશે : હાલમાં અનેક નવા મામલાઓ સપાટી પર આવ્યા**



નવી દિલ્હી તા. ૨૮

આઈબીઆઈના નિર્દેશ બાદ હવે એટીએમ ફ્રોડને રોકવા માટે બેંકો દ્વારા અન્ય પગલા પણ લેવામાં આવી રહ્યા છે. કેનેરા બેંકે આની શરૂઆત કરી દીધી છે. કેનેરા બેંકે હવે કાર્ડની સાથે ૧૦ હજાર રૂપિયાથી વધારેની ઉપાડ માટે પિન નંબરની સાથે સાથે વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી)ને જરૂરિ કરવાનો નિર્ણય કર્યો છે. અન્ય બેંકો પણ આ દિશામાં હવે આગળ વધી શકે છે. કેનેરા બેંકના આ નિર્ણયનો અર્થ એ થયો કે જો કેનેરા બેંકના ગ્રાહકો એટીએમમાંથી ૧૦૦૦૦ હજાર રૂપિયા ઉપાડી લેશે તો તેને એ વખતે એટીએમ પિન નંબરની સાથે સાથે ઓટીપી પણ ભરવાના રહેશે. સુત્રોના કહેવા મુજબ કેનેરા બેંકની જેમ અન્ય બેંકો પણ આ દિશામાં આગળ વધી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગગનયાન માટે ૧૨ પૈકી ચારની પસંદગી - રશિયામાં તાલીમ અપાશે

**મોદીના મહત્વકાંક્ષી ગગનયાન પર ઝડપી કામ : હવે માનવયુક્ત અંતરિક્ષ ઉડાણ માટે ૨૦૨૨ની શરૂઆતી મહિનાની યોજના છે : ટ્રેનિંગ અંગેનો કાર્યક્રમ નવેમ્બરથી**

નવી દિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી ગગનયાન યોજના પર તેજી સાથે કામ ચાલી રહ્યુ છે. આ માનવયુક્ત અંતરિક્ષ ઉડાણ માટે ૨૦૨૨ના શરૂઆતી મહિના માટે ટાર્ગેટ લક્ષ્ય કરવામાં આવ્યા છે. ગગનયાન મિશન માટે પસંદગી પામનાર ૧૨ સંભવિત ભારતીય અંતરિક્ષ યાત્રી પૈકી ચારની પસંદગી રશિયા દ્વારા કરવામાં આવનાર છે. સાથે સાથે રશિયા જ આ ચાર લોકોને ટ્રેનિંગ પણ આપનાર છે. ટ્રેનિંગ કાર્યક્રમની શરૂઆત નવેમ્બર મહિનાથી કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ ૧૫ મહિના સુધી ચાલનાર છે. આ મિશન પર ૧૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવનાર છે. મિશનના નિર્ધારિત લક્ષ્યાંકોમુજબ ભારત પોતાના ત્રણ અંતરિક્ષ યાત્રીઓને પાંચથી સાત દિવસ માટે અંતરિક્ષમાં મોકલનાર છે. જ્યાં તેઓ જુદા જુદા પ્રકારના માઈક્રો ગ્રેવિટી ટેસ્ટને અંજામ આપનાર છે. રશિયન સ્પેશ એજન્સી રોસ્કોમોસના મહાનિર્દેશક દિમિત્રા રોગોજિન અને ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ વચ્ચે મોસ્કોમાં હાલમાં બેઠક યોજાઈ હતી. આ ગાળા દરમિયાન જુદા જુદા પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન બંને પક્ષોએ મોસ્કો સ્થિત યુરી ગાગરિન કોસ્મોનોટ ટ્રેનિંગ સેન્ટરમાં ચાર ભારતીય અંતરિક્ષ યાત્રીઓને સ્પેશ મિશન માટે તૈયાર કરવાના મુદ્દા પર સહમતિ થઈ ગઈ હતી. ટ્રેનિંગ ખતમ થઈ

● અનુસંધાન પાન-૭ પર

# ઉથલપાથલ વચ્ચે શેરબજાર ફરી એકવાર મંદીમાં ગરકાવ

**સેંસેક્સ ૧૮૯ પોઇન્ટ ઘટી ૩૭૪૫૨ની સપાટીએ : નિફ્ટી ૫૯ પોઇન્ટ ઘટી ૧૧૦૪૬ની નીચી સપાટી પર**

મુંબઈ, તા. ૨૮

શેરબજારમાં છેલ્લા બે દિવસથી ચાલી રહેલી તેજી ઉપર આજે બ્રેક મુકાઈ હતી. મૂડીરોકાણકારો ઓગસ્ટ ફયુચર એન્ડ ઓપ્શન સિરિઝની પૂર્ણાહૂતિ પહેલા તેમની સ્થિતિ ફરી હાંસલ કરી લીધી છે. ઓગસ્ટ ફયુચર એન્ડ ઓપ્શન સિરિઝની ગુરુવારના દિવસે પૂર્ણાહૂતિ થઈ રહી છે. આ ઉપરાંત વૈશ્વિક બજારોમાં મંદી તથા અમેરિકા અને ચીન વચ્ચે વેપાર મંત્રણાને લઈને અનિશ્ચિતતાના માહોલ વચ્ચે રોકાણકારો દિશાહીન દેખાઈ રહ્યા છે. આના કારણે ફરી એકવાર મંદીનું મોજુ ફરી વળ્યું છે. બેંચમાર્ક બીએસઈ સેંસેક્સ ૧૮૯ પોઈન્ટ ઘટીને ૩૭૪૫૨ની નીચી સપાટીએ રહ્યો છે. આજે રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, આઈસીઆઈસીઆઈ બેંક, મારુતિ સુઝુકી અને એચડીએફસી બેંક સહિત અનેક હેવીવેઈટ શેરમાં મંદીનું મોજુ ફરી વળ્યું હતું. બીએસઈમાં ૩૦ શેર પૈકી ૨૩ શેરમાં મંદી રહી હતી.


**Require**

We are looking experienced accountant with sound knowledge of Tally.erp.9. Who can handle all responsibility of construction comapny accounts and well conversant with TDS, GST, & other legal provisions.

Call : 9426534902



**જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ**



**ફ્રી કેમ્પ**
દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation



**નવભારત ટુર્સ**
UNIT OF NAVBHARAT TRAVELS

સ્ટેચ્યુ ઓફ યુનીટી
ગાંધીનગરથી ગાંધીનગર
₹ ૧૬૫૦/- પ્રતિ વ્યક્તિ
AUG 30,31
SEP 1,6,7,8,14,15,21,22,28,29
પ્રવેશ ફી : સ્ટેચ્યુ ઓફ યુનીટી, વેલી ઓફ ફ્લાવર, વ્યુઈંગ ગેલેરી, મ્યુઝીયમ અને ઓડિયો-વિડિયો ગેલેરી, સરદાર સરોવર ડેમ, લેસર શો, એ.સી. વાહન, બ્રેકફાસ્ટ-લંચ-ડીનર
9427622955



**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225





**જાહેરાત**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉંઝા દ્વારા મહિલા અધિવેશન સોલા કેમ્પસ અમદાવાદ ખાતે તારીખ : ૩૧/૮/૨૦૧૯ને શનિવારના રોજ બપોરે ૨ થી ૫ કલાકે રાખેલ છે. ઉમિયા માતાજી મંદિર, ગાંધીનગરથી બપોરે ૧૨-૩૦ કલાકે બસો ઉપડશે. મહિલાઓને નામની નોંધણી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨ ખાતે રૂબરૂ અથવા ઓફીસ ખાતે - ૨૩૨ ૪૫૩૦૦ તથા મેનેજર (મો. ૯૯૨૪૭ ૫૧૦૩૯)નો સંપર્ક કરી નામ, સરનામુ, મોબાઈલ નંબર નોંધાવવા વિનંતી છે. સાંજે ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

(ભરતભાઈ બી. પટેલ) પ્રમુખ | (ભોળાભાઈ આઈ. પટેલ) મહામંત્રી



